પંચ ત્યાં પરમેશ્વર   શ્રી ગણેશાય નમઃ   ગત ગંગાય નમઃ

# સામાજીક બંધારણ

સંવત ૨૦૭૩ ફાગણ વદ સાતમ ને રવિવાર તા. ૧૯/૦૩/૨૦૧૭ના રોજ
સંત શિરોમણી શ્રી રોહિદાસજી વાડી પાટણ મુકામે
પાટણવાડા ૧૦૦ ગોળ રોહિત સમાજની સાધારણ સભામાં
સામાજીક વ્યવહારો તેમજ રીત રીવાજો અંગેનું બંધારણ કરવામાં આવ્યું.

I.G. Patil

સંત શિરોમણી શ્રી રોહિદાસ ભગવાન



" પ્રભુજી તુમ ચંદન હમ પાની "

## જન્મ દિન મહાસુદ-પુનમ

**સંવત ૨૦૭૩ ફાગણવદ સાતમને રવિવાર તા.૧૯/૦૩/૨૦૧૭ ના રોજ સંત શીરોમણીશ્રી રોહિદાસજી વાડી પાટણ મુકામે પાટણવાડા સો ગોળ રોહિત સમાજના ભાઈઓએ નીચે મુજબનું સમાજનું બંધારણ સર્વાનુમતે કરેલ છે. જેના ઠરાવો નીચે મુજબ છે.**

**ઠરાવ નં.–૧ સગાઈ બાબત**

સગાઈ કરતી વખતે દિકરી પક્ષ તરફથી દિકરા પક્ષને સગાઈના ચાંલ્લાનો રૂપિયો ૧ (એક) તથા ગોળ કે સાકર ભરેલી કોપરાની કાછલી મોકલવી.

(અ) સગાઈ કર્યા પછી ફકત એક જ વખત ગોળ કે સાકર ભરેલી કાછલી મોકલવી સાથે ફકત રૂા.૨૫૧/– અંકે રૂપિયા બસો એકાવન મોકલવા.

(બ) કાછલી સાથે કોઈપણ પ્રકારની ભેટ સોગાદ, દર–દાગીના, કપડા–લત્તા મોકલવા નહી. ફકત બંગડી બોક્ષ મોકલી શકાશે. આ કલમનો ભંગ કરનાર સમાજનો ગુન્હેગાર ગણાશે, તથા સમાજને વિકાસ ફાળા પેટે રૂા.૫૦૦૧/– અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા આપવાના રહેશે. (કન્યા તેનું દહેજ પ્રમાણે વર્તવું)

(ક) સગાઈ કર્યા પછી સગાઈ તોડનાર સમાજનો ગુન્હેગાર ગણાશે અને તેણે સમાજને રૂા.૫૦૦૧/– સમાજ વિકાસ ફાળામાં આપવા પડશે.

**ઠરાવ નં.–૨ વેવાઈવટ બાબત**

સગાઈ કર્યા પછી બંન્ને પક્ષોએ વેવાઈવટ કરવા અરસ–પરસ પોતાની અનુકુળતા પ્રમાણે સાત–સાત માણસોએ જવું. દિકરીના બાપે આવેલ સગા વેવાઈને રૂા.૨૫/–આપવા તથા તેમની સાથે આવેલ મહેમાનોને રૂા.૧૦/–થી સન્માનવા.

**ઠરાવ નં.–૩ લગ્ન વધાવવા બાબત**

(અ) વેવાઈવટ કર્યા પછી બંન્ને પક્ષોની અનુકૂળતા પ્રમાણે લગ્ન લઈને (દિકરીના પિતાશ્રી તરફથી) અગિયાર માણસોએ જવું. સવારે જઈ સાંજે પરત થવું. જમણવારમાં શુભપ્રસંગ અનરૂપ કંસાર તથા પોતાની ઈચ્છા મુજબનો જમણવાર કરી શકશે. દિકરીના પિતાએ દશ રૂપિયા લગ્નના અને એક રૂપિયો ચાંલ્લામાં આપવો.

(બ) લગ્નના સમયે લગનિયાઓને વરપક્ષ તરફથી અન્ય કોઈ

વ્યવહાર કરવો નહી. લગ્ન લઈને આવનાર મહેમાનોએ કોઈપણ સંજોગોમાં કોઈના પણ ત્યાં રાતવાસો રોકાવું નહી.

(ક) બંન્ને પક્ષોએ ભેગા મળીને જાનનું મુર્હત નકકી કરવું તેમજ લગ્ન વધાવ્યા પછી વધુમાં વધુ દસ દિવસમાં જાન લઈ જવાનું મુર્હત નકકી કરવું.

(ડ) લગ્ન વધાવેલી કન્યાના પિતાને ત્યાં મુરતીયાના પિતા જાન લઈને ન આવે તો મુરતીયાના પિતાએ કન્યાના પિતાને રૂા.૨૫૦૦૦/– અંકે રૂપિયા પચીસ હજાર પુરા આપવાના રહેશે.

તદ્ઉપરાંત મુરતીયાના પિતાએ સમાજને પણ રૂા.૧૧૦૦૦/– સમાજના વિકાસ ફાળામાં આપવાના રહેશે.

(ઈ) લગ્ન વધાવ્યા પછી કન્યાના પિતા મુરતીયા સાથે કન્યાના લગ્ન ન કરાવે તો કન્યાના પિતાએ મુરતીયાના પિતાને રૂા.૨૫૦૦૦/– અંકે રૂપિયા પચીસ હજાર આપવાના રહેશે તેમજ સમાજને પણ કન્યાના પિતાએ રૂા.૧૧૦૦૦/– અંકે રૂપિયા અગિયાર હજાર પુરા સમાજના વિકાસ ફાળામાં આપવાના રહેશે.

અનિવાર્ય સંજોગોમાં મુર્હત ન સચવાય તો બંન્ને પક્ષોએ મળીને શકય તેટલું વહેલું નવું મુર્હત કઢાવવું. જાન લેવા વરઘડ મોકલવો નહિં.

**ઠરાવ નં.–૪ વર–કન્યાના પોષાક બાબત**

વર અને કન્યા લગ્ન જેવા શુભ પ્રસંગે અનુરૂપ પોષાક પહેરી શકશે.

**ઠરાવ નં.–૫ જાન–જાનૈયા અને જમણવાર બાબત**

(અ) જાનમાં મુરતીયા સહિત વધુમાં વધુ ૧૦૧ (એકસો એક) જાનૈયા લઈ જવા.

(બ) જાન સવારે જેમ બને તેમ વહેલા લઈને જવું અને સાંજના વહેલાસર જાનને વિદાય આપવી.

(ક) એકજ માંડવે બે જાનો આવતી હોય તો બંન્ને વરને એક સાથે જ પાંખવા અને જેમ બને તેમ જાન આવે તેમ તેમ જાનને ઉતારે લઈ જવી.

(ડ) જાન પક્ષ તરફથી જાનડીયો લઈ જવાની સદંતર બંધ છે. જાનડીયો લઈ જનારને સમાજના વિકાસ ફાળા પેટે રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા આપવાના રહેશે.

(ઈ) જાનને જમણવારમાં ચોખ્ખા ઘીનો શીરો અને દાળ–ભાત પીરશવા અને તે સિવાય લગ્ન પ્રસંગને અનુરૂપ વાનગીઓ આપી શકાશે.

**ઠરાવ નં.–૬ દાપાની બાબત**

(૧) લગ્નવિધિ પત્યા પછી વરપક્ષે દાપા પેટે રૂા.૭૧૦૧/– અંકે રૂપિયા સાત હજાર એકસો એક પુરા ભાણે ભરવા

(૨) વર પક્ષે માંડવા પક્ષને રૂા.૧૦૧/– (એકસો એક) પંચને આપવા.

(૩) વર પક્ષ અને કન્યા પક્ષે સગાઈ મેળવણીયાને રૂા.૧૦૦–૧૦૦ (એકસો–એકસો) આપવા.

(૪) વર પક્ષ અને કન્યા પક્ષે પાટબંધણાના રૂા.૫૦–૫૦ (પચાસ–પચાસ) બ્રાહમણને આપવા.

(૫) વર પક્ષ અને કન્યા પક્ષ બંન્નેએ શિક્ષણફાળા પેટે રૂા.૨૫૧/– સમાજને આપવા તથા પાવતી મેળવી લેવી.

**ઠરાવ નં.–૭ સામાન્ય નિયમો બાબત**

વર–કન્યા ઉપર પૈસા અણવારવા નહી.

તલ–તલવા પ્રભાતી સદંતર બંધ કરવામાં આવેલ છે.

લગ્નવિધિ પછી કન્યાને જાનીવાસે લઈ જવી નહી.

માંડવા પક્ષ તરફથી મુરતીયાને પાંસલી ભરાવવાનું સદંતર બંધ કરવામાં આવે છે.

જાનને ગુલાલ આપવાની છુટ છે.

કોઈપણ સંજોગોમાં જાનએ માંડવે કે માંડવાના ગામે રાતવાસો કરવો નહી.

કન્યાના પિતાએ વરપક્ષના ગામમાં કોઈને કંકોત્રી આપવી નહી.

લગ્ન પ્રસંગે અપાતી ભેટ–સોગાદ સદંતર બંધ કરવામાં આવે છે.

ઝેમ પ્રથા બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં.–૮ વેવાઈઓને કંકોત્રી બાબત**

દિકરીના સસરાને લગ્ન પ્રસંગે કંકોત્રી આપવી વેવાઈને રૂા.૨૫/– પાઘડીના, દિકરીને સાડી તેમજ જમાઈને પેન્ટ પીસ કે ધોતી આપવી. દિકરાના સસરાને લગ્ન પ્રસંગે કંકોત્રી આપવી. વેવાઈ આવે તો વેવાઈએ તેમની દિકરી માટે સાડી, જમાઈ માટે પેન્ટપીસ કે ધોતી,

વેવાઈને રૂા.૨૫/–પાઘડીના આપવા.

**ઠરાવ નં.–૯ જાનને વળતર અંગેની બાબત**

કન્યા પક્ષ તરફથી વળતરમાં ૧૦૦ (સો) ગ્રામ ચાંદીના છડા કે ઝાંઝરી, ૧ (એક) આની ભારનો સોનાનો રવો (ચૂની), કન્યાને મુરતીયાં, તાંબા/ પિત્તળનું બેડું, બાજવટ, દિવાઘર અને માંડીયો આપવા.

વેવાઈને પાઘડીના રૂા.૨૫/– (પચીસ) આપવા. અણવરની પ્રથા ચાલુ પરંતુ ઉજણું પોંખીને સવારે પોતાના ઘરે પરત ફરી, વરપક્ષ તરફથી અણવરને ઓઢામણું આપવું. લગ્નનું આણું વધુમાં વધુ પાંચ દિવસ રાખવું. કન્યાના પિતા ઈચ્છે તો તેઓએ ટહુકો પાડયા સિવાય દાપું પાછું આપી શકશે. જાન વળાવતી વખતે કન્યા પક્ષે વર પક્ષને નૈવેધમાં ૧ (એક) કિલો ચોખા, ૫૦૦ ગ્રામ ગોળ અને રૂા.૨૧/–(એકવીસ) ટકાના આપવા.

**ઠરાવ નં.–૧૦ સમૂહલગ્ન બાબત**

(અ) સમૂહલગ્નમાં દિકરા–દિકરીને પરણાવવાની છુટ છે. આ પ્રસંગે સમૂહલગ્ન ના આયોજકોના નિયમો મુજબ વર્તવાનું રહેશે. સમુહલગ્નમાં ભાગ લેનાર બંન્ને પક્ષોએ સમાજને શિક્ષણ ફાળા પેટે રૂા.૨૫૧/– અંકે રુપિયા બસો એકાવન પુરા આપવા અને પાવતી મેળવી લેવી.

(બ) સો ના પરગણા બહાર અન્ય પરગણામાં કન્યા લેવા–દેવાની છુટ છે. કન્યા તેનું દહેજ તેમજ કન્યા પક્ષના ગોળના બંધારણ મુજબ સામાજીક વ્યવહારો કરવા.

**ઠરાવ નં.–૧૧ મામેરૂ/ મોસાળા બાબત**

મામેરૂ તેમજ મોસાળામાં પોતાની સંપત્ત/ શકિત પ્રમાણે આપવું. જમાઈ/ દિકરીને નાનો–મોટો દાગીનો આપવો. મોસાળા તરફથી તૈયાર વરવાઘો લઈ જવાની છુટ છે. જો વરવાઘા પેટે પૈસા આપવા હોય તો રૂા.૭૦૧/–અંકે રૂપિયા સાતસો એક પુરા આપવા. મામેરૂ કે મોસાળાની કુલ રકમનો ટહુકો પાડવો નહી. પરંતુ શ્રી કૃષ્ણા અર્પણ કરવું. મામેરામાં દાપુ આપવું હોય પણ આપી શકશે. સો ના પરગણા સિવાય અન્ય ગામમાં જાન જતી હોય તો જેતે ગામમાં ગામના પરગણાના ઠરાવેલ દાપાની રકમ મુજબનું દાપુ ભરવું. મોસાળાએ, લગ્ન કે પુનઃ લગ્ન જેવા તમામ પ્રસંગોએ વેડ/ ગાંદરૂ તેમજ બીજા કોઈ વ્યવહારો કરવા નહી.

**ઠરાવ નં.–૧૨ પેટી આણું તથા ઝીયાણાના આણા બાબત**

પેટી આણું કરતી વખતે રૂા.૧૫૧/– અંકે રૂપિયા એકસો એકાવન પુરા મુરતીયાના પિતાએ કન્યાના પિતાને આણાપેટે આપવા. પેટી આણું તેડવા માટે ૨(બે) માણસોએ જવું. તેડવા આવનાર વેવાઈઓને ૨૫–૨૫ રૂપિયા આપવા. ઝીયાણાના આણામાં મુરતીયાના પિતાએ કન્યાના પિતાને રૂા.૨૫૧/– આણાપેટે આપવા. ઝીયાણાનું આણું તેડવા માટે ૫(પાંચ) માણસોએ જવુ. તેડવા આવતા દરેકને રૂા.૨૫–૨૫ આપવા.

**ઠરાવ નં.–૧૩ સીમંત પ્રસંગ બાબત**

સીમંત પ્રસંગે કન્યા પક્ષ તરફથી દિકરી માટે એક જોડી કપડાં, જમાઈ માટે પેન્ટપીશ, વેવાઈને રૂા.૨૫/– પાઘડીના આપવા. તેમજ સાત પડીકાં, સવાશેર ચોખા અને ૧(એક) શ્રીફળ લઈ જવું. પગ પીળવા પ્રસંગે નણદને ફકત એક સાડી આપવી. સાડી સિવાય કોઈપણ પ્રકારનો દાગીનો આપવો નહી. ખોળો ભરાવવા આવનારને ઓઢામણું આપવું.

**ઠરાવ નં.–૧૪**

પોતાના દિકરાના પુત્ર કે પુત્રી રમાડવા વધુમાં વધુ પાંચ વેવાણો થઈ જવું. દરેક વેવાણોને કન્યા પક્ષ તરફથી વેવાણોને સાડીઓ આપવી, વધામણી કહેવા આવનારને ઓઢામણું આપવું.

**ઠરાવ નં.–૧૫ પુનઃ લગ્ન પ્રસંગ બાબત**

પુનઃ લગ્ન પ્રસંગે હાંસડી ચઢાવવા બે માણસોએ જવું. હાંસડી પેટે રૂા.૫૫૧/– અંકે રૂપિયા પાંચસો એકાવન પુરા આપવા. હાંસડી ચઢાવવા આવનારને રૂા.૨૫–૨૫ આપવા. આપેલ રૂા.૫૫૧/– મજરે લઈ દાપા પેટે રૂા.૫૧૦૧/–અંકે રૂપિયા પાંચ હજાર એકસો એક પુરા આપવા. પલ્લું થાળમાં ભરવું. પુનઃલગ્નના પલ્લામાં એક જોડી કપડાં, મુરતીયાં, ૧૦૦(સો) ગ્રામના ચાંદીના છડા કે ઝાંઝરી, ૧(એક) આની ભાર સોનાનો રવો (ચુની) મુરતીયા પક્ષ તરફથી આપવું. પુનઃલગ્નમાં આણું તેડવા મુરતીયા સાથે વધુમાં વધુ ૧૫(પંદર) માણસોએ જવું. આણું તેડવા સવારે જવું અને સાંજે પરત આવવું. એક ટંક જમણવારમાં શીરો અને દાળ–ભાત ફરજીયાત તે સિવાય અન્ય વાનગી આપી શકાશે. મુરતીયા પક્ષ તરફથી કન્યા પક્ષના પંચને રૂા.૧૦૧/– આપવા. પુનઃલગ્નના વળતરમાં કન્યાના પિતાએ તેડવા આવનાર

દરેક વ્યકિતને રૂા.૨૫–૨૫ આપવા. જમાઈને ઓઢામણું આપવું તથા તાંબા કે પિત્તળનું બેડું આપવું બંન્ને પક્ષોએ શિક્ષણ ફાળા પેટે સમાજમાં ૨૫૧–૨૫૧ રૂપિયા આપવા અને ફાળાની પાવતી મેળવી લેવી.

**ઠરાવ નં.–૧૬ છુટા–છેડા / ફારગતી બાબત**

વર–કન્યા વચ્ચે અણબનાવ બને અને કન્યા પક્ષ તરફથી છુટાછેડા લેવામાં આવે તો મુરતીયાના પિતાને રૂા.૨૫૦૦૦/– અંકે રૂપિયા પચીસ હજાર પુરા કન્યાના પિતાએ આપવાના રહેશે તથા જ્ઞાતિના બંધારણમાં ઠરાવેલ ૧૦૦ (સો) ગ્રામ ચાંદીના છડા અને ૧ (એક) આની ભાર સોનાનો રવો (ચુની) મુરતીયાના પિતાને પરત આપવા તદ્દઉપરાંત મુરતીયા પક્ષ તરફથી કન્યાને આપેલ વધારાના દાગીના પણ મુરતીયાના પિતાને પરત આપવા.

જો વરપક્ષ તરફથી કન્યાને છુટાછેડા આપવામાં આવે તો વરના પિતાએ રૂા.૨૫૦૦૦/– અંકે રૂપિયા પચીસ હજાર પુરા કન્યાના પિતાને આપવાના રહેશે તેમજ કન્યા પક્ષ તરફથી આવેલ વધારાના દાગીના કન્યાના પિતાને પરત કરવાના રહેશે.

તદ્દઉપરાંત છુટાછેડાના સમાજના ગુન્હા પેટે બંન્ને પક્ષોએ અલગ–અલગ ૧૦૦૦–૧૦૦૦ અંકે રૂપિયા એક હજાર બંન્ને પક્ષના કુલ મળીને રૂા.૨૦૦૦/– અંકે રૂપિયા બે હજાર પુરા સમાજને સમાજના વિકાસ ફાળામાં આપવાના રહેશે.

જો બીજો પક્ષ અગર પર–પરગણાનો હશે તો પણ સો ના પરગણાના પક્ષે છુટાછેડા પેટે સમાજને રૂા.૧૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરા સમાજના વિકાસ ફાળામાં આપવા પડશે. સમાજે છુટાછેડા પેટે ઠરાવેલ ઉપર મુજબની રકમ સિવાય બંન્ને પક્ષોએ વધારાની રકમ લઈને કે આપીને છુટાછેડા કરશે તો સમાજની ઠરાવેલી રકમ ઉપરની તમામ રકમ સમાજના વિકાસ ફાળામાં જમા કરાવવાની રહેશે તેમજ ઠરાવનો ભંગ કરવા બદલ બંન્ને પક્ષો સમાજના ગુન્હેગાર ગણાશે.

સોના પરગણાની કોઈપણ વ્યકિત છુટાછેડાના પ્રકરણમાં સમાજના ધારાધોરણ સિવાયની વધારાની રકમની લેવડ–દેવડમાં સંકળાયેલ હશે તો તે વ્યકિત સમાજનો ગુન્હેગાર ગણાશે.

ઠરાવ નં.—૧૭

ફારગતી થયેલ કે રંડાયેલ મુરતીયો કોઈ પણ પરગણાની કુંવારી કન્યાને પરણી શકશે નહીં. ફારગતી થયેલ કે રંડાયેલ મુરતીયો સોના પરગણાની કે બીજા પરગણાની કુંવારી કન્યાને પરણશે તો બંન્ને પક્ષો સમાજના ગુન્હેગાર ગણાશે અને સમાજને ૧૧૦૦૦—૧૧૦૦૦ સમાજના વિકાસ ફાળામાં આપવાના રહેશે.

રંડાયેલ કે ફારગતી કરેલ મુરતીયો જો કુંવારી કન્યાને પરણશે તો તે વ્યકિતનો પરગણા સાથેનો સામાજીક વ્યવહાર સદંતર બંધ કરવામાં આવશે.

ઠરાવ નં.—૧૮

સોના પરગણાની કન્યાને ઉભો ધણી હોવા છતાં સોના કે અન્ય પરગણાનો વ્યકિત લઈ જાય તો લઈ જનાર વ્યકિત સમાજનો ગુન્હેગાર ગણાશે અને વરપક્ષને રૂા.૨૫૦૦૦/— આપવા પડશે. જો કન્યા તેના પિયરના ગામથી ઉભો ધણી મૂકીને અન્ય વ્યકિત સાથે ભાગી જઈ અને તેની સાથે ઘરસંસાર માંડે તો કન્યાના પિયર પક્ષવાળા પણ સમાજના ગુન્હેગાર ગણાશે અને તેણે વરપક્ષને રૂા.૨૫૦૦૦/—આપવાના રહેશે.

પત્ની હયાત હોવા છતાં અન્ય કન્યાને જો કોઈપણ વ્યકિત લઈ ભાગી જાય તો ભાગી જનાર વ્યકિત સમાજનો ગુન્હેગાર ગણાશે અને સમાજને રૂા.૨૫૦૦૦/— વિકાસ ફાળા પેટે આપવાના રહેશે.

ઠરાવ નં.—૧૯

એક પત્નિ હોવા છતાં કોઈએ બીજી પત્નિ કરવી નહી. પરંતુ જો સંતાન પ્રાપ્તી માટે બીજી પત્નિ કરવાની જરૂરીયાત ઉભી થાય તો પ્રથમ પત્નિની અને તેના પિયર પક્ષની રાજીખુશીથી સંમતિ મેળવી પછીથી જ બીજી પત્નિ કરી શકાશે. બીજી પત્નિ કર્યા પછી પ્રથમ પત્નિની તમામ પ્રકારની જીવન જરૂરીયાત તથા ભરણપોષણ પુરા કરવાની સંપૂર્ણ જવાબદારી રહેશે.

ઠરાવ નં.—૨૦

સમાજમાં દિયરવટું વાળવું સદંતર બંધ છે છતાં કોઈ વ્યકિત દિયરવટું વાળે તો સમાજનો ગુન્હેગાર ગણાશે અને રૂા.૫૦૦૧/— અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા સમાજને વિકાસ

ફાળામાં આપવાના રહેશે અને પિયરપક્ષને દાપા પેટે રૂા.૫૧૦૧/- અંકે રૂપિયા પાંચ હજાર એકસો એક પુરા આપવા પડશે.

**ઠરાવ નં.-૨૧ મરણ બાબત**

કોઈપણ વ્યકિતના મરણ પ્રસંગે પાંચ દિવસ સાથરો પાળવામાં આવશે. અનુકુળતા પ્રમાણે બે દિવસ બેસણાના નકકી કરવા રવિવાર પણ રાખી શકાશે. જો મરણ પાછળ સગા સાચવવા હોય તો બેસણાના બે દિવસ દરમ્યાન જ ખિચડી-શાક આપી શકાશે. શોકના સાડલા સદંતર બંધ કરવામાં આવે છે અને શોક પેટે રૂા.૧૦૦/- રોકડા આપવા. સરાવવા માટે સિધ્ધપુર કારતકી પૂનમના દિવસે જઈ શકાશે, તેમજ અન્ય દિવસે પણ જઈ શકાશે.

સમાજના કોઈપણ વ્યકિતનું મૃત્યુ થયા પછી સિધ્ધપુર/મુકિતધામમાં લઈ જવાની છુટ છે. પરંતુ સમાજના સાથે જનાર વ્યકિતઓને ભોજનમાં મીષ્ટાન આપવું નહી. ફકત ખિચડી-શાક આપવું. મીષ્ટાન આપનાર વ્યકિત સમાજનો ગુન્હેગાર ગણાશે અને સમાજને રૂા.૨૫૧૦૧/- અંકે રૂપિયા પચીસ હજાર એકસો એક પુરા સમાજના વિકાસ ફાળામાં આપવાના રહેશે.

**ઠરાવ નં.-૨૨**

મરણ પાછળ કે તેના કોઈપણ પ્રસંગે તેમજ જાત્રાએ જઈ આવીને પણ સેમાડીયું / પરભા અને કળશીયો સદંતર બંધ કરવામાં આવે છે. ઉપરોકત કલમનો ભંગ કરનાર સમાજનો ગુન્હેગાર ગણાશે તેમજ ગુન્હેગારએ રૂા.૨૫૦૦૦/- નો વિકાસ ફાળો આપવાનો રહેશે. સજારૂપે તે ગામનો સમાજ સાથે તમામ સામાજીક વ્યવહાર બંધ કરવામાં આવશે.

લોકાચાર વખતે ઘરધણી તથા કાકા-પિતરાઈએ આપેલ રકમ સિવાય સાથે આવનારે લોકાચારના રૂા.૧૦/- આપવાના રહેશે.

**ઠરાવ નં.-૨૩**

કોઈની દિકરી કે જમાઈ મરણ પામે તો ખાંપણ અથવા ખાંપણ પેટે રકમ રૂા.૨૫૦/- આપી શકાશે. કોઈની દિકરી વિધવા થાય તો પોથ પેટે રૂા.૨૦૦/- આપવા વિધવા દિકરીને શોકનો સાડલો પહેરાવવાની છુટ છે.

જો કન્યા પરગણામાં કે બીજા પરગણામાં હોય અને રંડાય તો ચુંડલાકર્મ કરવા ફરજીયાત જવું. જો ન જાય તો કન્યાના

પિયર પક્ષ સમાજનો ગુન્હેગાર ગણાશે અને તેને સમાજને રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા સમાજના વિકાસ ફાળામાં આપવાના રહેશે.

પોથ નાખવાની વિધી ઉભા દિવસ દરમિયાન રાખવામાં આવે છે.

**ઠરાવ નં.–૨૩(અ) મરણ પ્રસંગે કોગળા બંધ કરવા બાબત.**

મરણ પ્રસંગે બેસણાના દિવસે કોગળા આપવાની જગ્યાએ મૃતકનો ફોટો/ છબી રાખવી. ધુપ અથવા અગરબત્તી આપવી પછીજ મૂળ સ્થાને બેઠકે બેસવું. બેઠકની બાજુમાં પણ શકય હોય તો મૃતકનો ફોટો/ છબી રાખવી. કોગળો આપવાની પ્રથા સદંતર બંધ કરેલ છે.

વ્યકિતના મૈયતના કિસ્સામાં મો વાળવા પ્રથમ મોટા તહેવારે ફકત એકજ વખત જવું, એક થી વધુ વખત જવુ નહી.

**ઠરાવ નં.–૨૩(બ) બિમાર વ્યકિતની ખબર કાઢવા બાબત.**

બિમાર માણસની ખબર કરવા જનાર તમામ વ્યકિતએ બિમાર માણસને રોકડમાં મદદ કરવી. બિમાર વ્યકિતના ઘેરથી કોઈ વળતર લેવું નહી.

**ઠરાવ નં.–૨૩(ક) સારા પ્રસંગે રોકડમાં ભેટ આપવા બાબત.**

જે વ્યકિતના ઘેર સારો પ્રસંગ હોય તે સમયે તેઓના સગા–સંબંધીઓ તરફથી ભેટમાં સાડી–પેન્ટપીસના બદલે રોકડ રકમ આપવી.

**ઠરાવ નં.–૨૪**

આ સમાજમાં આદિ–અનાદિ કાળથી દહેજ પ્રથા જેવા સામાજિક દુષણોની પ્રથા સદંતર બંધ છે. જેનું આજદિન સુધી ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જે કન્યાને મુરતીયો બંન્ને પક્ષો સોના પરગણાના હોય અને કન્યા વઘરો થાય તો કન્યા પક્ષે સીધે–સીધા સમાજની મંજુરી સિવાય કોર્ટનો આશરો લઈ દહેજ પ્રથા, ભરણપોષણ કે માનસિક/ શારીરિક ત્રાસ વિગેરે અંગેનો કોર્ટમાં કેસ કરવો નહી. પરંતુ પોતાને થયેલ અન્યાય બદલ બંન્ને પક્ષો ન્યાય મેળવવા હકકદાર હોઈ તેઓ બનાવ અંગેની સંપૂર્ણ વિગત/ પુરાવા સાથેની અરજી સમાજમાં ન્યાય મેળવવા હેતુસર આપી શકાશે. સમાજમાં અરજી મળ્યા બાદ તે ગામની વસ્તીપંચને સાથે રાખી આગામી બે કારોબારી

સભામાં તેઓના કેસ બાબતની ચર્ચા કરવામાં આવશે. બંન્ને પક્ષોને સાંભળવામાં આવશે અને કારોબારી સભા સમાધાન થાય તેવા પ્રયત્નો કરશે.

જો કારોબારી સમાધાન ન થઈ શકે તો આખરી નિર્ણય લેવાની સત્તા ત્યાર પછી આવનાર સાધારણ સભાને અબાધિત રહેશે. જો સાધારણ સભામાં પણ કેસનો નિકાલ ન આવી શકે તો ગુણદોષનો ખ્યાલ રાખીને સાધારણ સભા આગળની કાર્યવાહી કરવા કોર્ટમાં જવાની મંજુરી આપવા અધિકાર ધરાવે છે. સમાજની મંજુરી મળ્યે કોર્ટમાં જવાથી સમાજનો ગુન્હો બનતો નથી.

ઉપર કલમનો ભંગ કરનાર સમાજની જાણ બહાર ભરણપોષણ કે દહેજનો ગુન્હો લગાડનાર સમાજનો ગુન્હેગાર ગણાશે. ટૂંકમાં સમાજની મંજુરી મળ્યે કોર્ટમાં જઈ શકાશે. જો કોર્ટમાં ગયા પછી સમાધાન ન થાય કે યોગ્ય નિર્ણય ન લેવાય અને છુટાછેડા કરે તો સમાજની છુટાછેડાની કલમના દંડ પેટે બંન્ને પક્ષોએ રૂા.૧૧૦૦૦–૧૧૦૦૦ સમાજના વિકાસ ફાળામાં આપવાના રહેશે.

જો કન્યા સોના પરગણાની હોય અને મુરતીયો બીજા પરગણાનો હોય અને કન્યા વઘરો થાય તો જો મુરતીયા પરગણાનો ઉપરની કલમના ભંગ બદલ દંડ શિક્ષા થતી હોય તો સોના પરગણાની કન્યા પક્ષે દંડ પેટે રૂા.૫૦૦૦/– આપવાના રહેશે. પરંતુ જો બીજા પરગણામાં ઉપરની કલમ પેટે દંડ ન લેવાતો હોય અને સજા ન થતી હોય તો સોના પરગણાની કન્યા પક્ષને દંડ ભરવામાં મુકિત આપવામાં આવે છે અને તે સમાજનો ગુન્હેગાર ગણાશે નહીં.

કોઈપણ સમાજ કે સરકારનું બંધારણ હંમેશા સંર્વગ–સંપૂર્ણ ન પણ હોઈ શકે. કેટલાક કિસ્સાઓ અથવા ગુન્હાઓ એવા બનવા પણ સંભવ છે જેનો ઉલ્લેખ સદરજ્ઞાતિ બંધારણમાં કરવામાં ન આવ્યો હોય તો આવા પ્રસંગે કોઈપણ વ્યકિત કે ગામ સામાજીક ગુન્હો કરશે કે કરાવશે તો સમાજને યોગ્ય લાગે નિર્ણય લઈ કે સજા કરવાનો અબાધિત અધિકાર સમાજ ધરાવે છે જે સૌ જ્ઞાતિજનોને વિદિત થાય.

બંધારણ વિરૂધ્ધનું વર્તન કરનારને સંતશીરોમણી રોહિદાસજી ભગવાનની અને ગત ગંગાની દુવાઈ છે.

કોઈપણ સમાજની પ્રતિષ્ઠા તેના સામાજીક બંધારણ/ રીત રીવાજોને આભારી છે. સમાજની પ્રગતિ, સમાજની જાગૃતિ તેના સામાજીક વ્યવહારોને આધારીત છે. સૌ મળી આશા રાખીએ કે આપણે આપણા માટે તૈયાર કરેલ આ બંધારણને પવિત્ર ગીતા સમાન ગણી પાલન કરવા પ્રયત્ન કરી અમલમાં મૂકીશું તો ભાવી પેઢી માટે આપણે પ્રેરણારૂપ બનીશું.

સોના પરાગણાના ગામોમાં વસતા તમામ રોહિતવંશી ભાઈઓએ તા.૧૯/૦૩/૨૦૧૭ ને રવિવારના રોજ પાટણ મુકામે સમાજની વાડીમાં મળીને સામુહિક ચર્ચાવિચારણા કરીને દરેક ઠરાવ સમુહમાં વાંચન કર્યા પછી તમામે તમામ ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા છે અને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે. તે બંધારણ પાળવા તથા પળાવવા પરગણાના તમામે તમામ જ્ઞાતિબંધુઓ બંધાયેલ છે.

તા.૧૯/૦૩/૨૦૧૭ લિ.

સંત શ્રી રોહિદાસજી વાડી પાટણવાડા સો ગોળ રોહિત સમાજ પરગણા

પાટણ

## પાટણવાડા સો ગોળ રોહિત સમાજના ગામોની યાદી

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | આકબા | 39 | ગંગેટ | 77 | મોટપ | 115 | વસાઈ |
| 2 | અલોડા | 40 | ગોખરવા | 78 | નાંદોત્રી | 116 | વીરસોડા |
| 3 | અંબાલા | 41 | ગોરાદ | 79 | નવાપુરા | 117 | વીરતા |
| 4 | આંબાપુરા | 42 | હાજીપુર | 80 | ઓઢવા | 118 | ઝીલીયા |
| 5 | અનાવાડા | 43 | હાંસલપુર | 81 | પલાસર | | |
| 6 | બાદીપુર | 44 | હાંસાપુર | 82 | પળી | | |
| 7 | બાલીસણા | 45 | હિસોર | 83 | પાટણ | | |
| 8 | બરીયફ | 46 | ઈટોદા | 84 | પીંઢારપુરા | | |
| 9 | ભાટસર | 47 | જાખાના | 85 | પ્રતાપગઢ (ઉનાવા) | | |
| 10 | બોકરવાડા | 48 | જીતોડા | 86 | રાજપુર | | |
| 11 | બોરસણ | 49 | કમલીવાડા | 87 | રામગઢ | | |
| 12 | ચડાસણા (બેચરાજી) | 50 | ખાંભેલ | 88 | રણાસણ | | |
| 13 | ચડાસણા (ડેર) | 51 | કંબોઈ | 89 | રણેલા | | |
| 14 | ચાણસ્મા | 52 | કરલી | 90 | રાંતેજ | | |
| 15 | ચાંદણસર | 53 | કરણસાગર | 91 | રણુંજ | | |
| 16 | ચંદ્રોડા | 54 | કારોડા | 92 | રૂની | | |
| 17 | ચંદુમાણા | 55 | ખરસદા | 93 | રૂપપુર | | |
| 18 | ચવેલી | 56 | ખાનપુરડા | 94 | રૂવાવી | | |
| 19 | છમીછા | 57 | ખારાધરવા | 95 | સાંપાવાડા | | |
| 20 | છઠીયારડા | 58 | ખારીધારીયાલ | 96 | સંડેર | | |
| 21 | છેટાસણા | 59 | ખારીવાવડી | 97 | સંખારી | | |
| 22 | ડાભડી | 60 | ખીમીયાણા | 98 | સરદારપુરા | | |
| 23 | દાંતકરોડી | 61 | ખોરસમ | 99 | સરસાવ | | |
| 24 | ડેડાણા | 62 | કુણઘેર | 100 | સરવા | | |
| 25 | દેલમાલ | 63 | લણવા | 101 | સેંઢાલ | | |
| 26 | દેલપુરા | 64 | લક્ષ્મીપુરા (ઉનાવા) | 102 | સેવાળા | | |
| 27 | દેલવાડા | 65 | લોઢપુર | 103 | સેવાલણી | | |
| 28 | ડેર | 66 | મહેમદપુર | 104 | શંખલપુર | | |
| 29 | દેથળી (બેચરાજી) | 67 | મંડાલી | 105 | સોજીંત્રા | | |
| 30 | ધનપુરા | 68 | મંડલોપ | 106 | સુરપુરા (બેચરાજી) | | |
| 31 | ધરમોડા | 69 | માંડોત્રી | 107 | સુરપુરા (ઉનાવા) | | |
| 32 | ધારણોજ | 70 | મણીયારી | 108 | તંબોળીયા | | |
| 33 | ધારપુર | 71 | મણુંદ | 109 | ઉનાવા | | |
| 34 | ધીણોજ | 72 | માતપુર | 110 | વડલી | | |
| 35 | દુધારામપુરા | 73 | માત્રાસણ | 111 | વડાવલી | | |
| 36 | ફીંચાલ | 74 | મેરવાડા (સુણસર) | 112 | વાઘણા | | |
| 37 | ફીચડી | 75 | મીઠીધારીયાલ | 113 | વામૈયા | | |
| 38 | ગાંભુ | 76 | મોઢેરા | 114 | વનાસણ | | |